અપીલ અરજી નં.૪૫૨ તા.૨૫–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૨–૧૦ ની અરજીથી (૧) ક્રાંતિધર્મ અધિ. હાઈડ્રોલીક ધ્વારા તબદીલ અરજી તા.૧૮–૧–૧૦ (૨) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૨૦૪૩ તા.૨૦–૧–૧૦ (૩) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૨૦૫૩ તા.૨૦–૧–૧૦ (૪) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૩૬૬૪ તા.૬–૨–૧૦ ઉપરોકત ચારેય અરજીઓમાં શું શું કાર્યવાહી થઈ છે? તથા કાર્યવાહી ના થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ તથા કાર્યવાહી ન થવાના ઠોસ કારણો/ પરીબળો, સાંઠગાંઠ વિ.ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૨/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૮–૨–૧૦ ની અરજીથી (૧) ક્રાંતિધર્મ અધિ. હાઈડ્રોલીક ધ્વારા તબદીલ અરજી તા.૧૮–૧–૧૦ (૨) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૨૦૪૩ તા.૨૦–૧–૧૦ (૩) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૨૦૫૩ તા.૨૦–૧–૧૦ (૪) ક્રાંતિધર્મ કા.પા.ઈજનેર ઈન.૧૩૬૬૪ તા.૬–૨–૧૦ ઉપરોકત ચારેય અરજીઓમાં શું શું કાર્યવાહી થઈ છે? તથા કાર્યવાહી ના થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ તથા કાર્યવાહી ન થવાના ઠોસ કારણો/ પરીબળો, સાંઠગાંઠ વિ.ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૬૮૩૬ તા.૧૯–૨–૧૦ તથા પત્ર નં.સા.ઝોન/ટેક/૬૯૩૦ તા.૨૩–૨–૧૦ થી આપેલ માહિતી ફકત એક અરજી માટે અધુરો જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૩ તા.૩૧–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલની દાદમાં જાહેર માહિતી અધિકારીને 'દંડ' અંગે જણાવેલ છે. જે કલમ–૨૦ હેઠળ આ સત્તા આયોગને છે. જે અંગે પ્રથમ અપીલ બાદ બીજી અપીલ આયોગને કરવાની થાય. તે સિવાયની કોઈ દાદની વિગતો હોયતો તેની સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૯–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૯ તા.૧૩–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં. સા.ઝોન/ટેક./૬૮૩૬ તા.૧૯–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા. ૧૮–૧–૧૦ ની અરજીની નકલ, અરજદારની તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલ, બોરીંગ કરેલી જગ્યાની યાદી , અરજદારને સા.ઝોન/ટેક.૬૯૩૦ તા.૨૩–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૬–૨–૧૦ ની અરજીની નકલ, અરજદારની તા.૨૦–૧–૧૦ ની અરજીની બે નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ તારીખોએ કરેલી અરજીની માહિતી માંગતી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૩૦ તા.૨૩–૨–૧૦ થી અરજદારને " પ્રાઈવેટ બોરીંગોવાળાને સુમપાના જાહેર રસ્તાઓ ખોદીને ટીપી સ્કીમના રસ્તા પરથી લઈ ડાઈગ એકમો સુધી પાઈપ લાઈન નાંખવાની પરવાનગી અંગે ઝોન/કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૧. રાધિકા પ્રિન્ટર્સ પ્રા.લિ. ૨. મારૂતિ ટેક્ષ. પ્રા.લિ. તથા ૩. કલરટેક્ષ ઈન્ડ. પ્રા.લિ. ને રૂા.૪,૩૪,૦૧૫/– રસ્તા ખોદાણ ચાર્જ વસુલ લઈ રસ્તા ખોદાણ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મળેલા નિર્ણયના પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૫–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુળ અરજીમાં જણાવેલ ચાર જેટલી અરજીઓ પૈકી ફકત એક જ અરજી માટે અધૂરો ઉપરોકત પત્ર નંબર ધ્વારા જવાબ આપેલ છે અને બાકીની ત્રણ જેટલી અરજીનો જવાબ આપેલ નથી. ૨૦ જેટલા બોરીંગો હોવા છતાં ત્રણની માહિતી આપેલ છે. બાકીની માહિતી આપી નથી. અને તથા બીજી ત્રણ જેટલી અરજોનો જવાબ કે માહિતી ન આપવાથી તથા જાહેર માહિતી અધિકારીને દંડ કરવા સિવાય કોઈ દાદ માંગવી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૩ તા.૩૧–૩–૧૦ થી અરજદારને અપીલની દાદમાં જાહેર માહિતી અધિકારીને 'દંડ' અંગે જણાવેલ છે. જે કલમ–૨૦ હેઠળ આ સત્તા આયોગને છે. જે અંગે પ્રથમ અપીલ બાદ બીજી અપીલ આયોગને કરવાની થાય. તે સિવાયની કોઈ દાદની વિગતો હોયતો તેની સ પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે અપીલ તબકકે તા.૯–૪–૧૦ ના પત્રથી એવી રજૂઆત કરેલ છે કે ૨૦ જેટલા બોરીંગો અંગેની માહિતી માંગી હતી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા ફકત ત્રણની જ માહિતી આપી છે તો શું? બાકીના બોરીંગો અને પાઈપ લાઈનોના માલિકોની માહિતી છુપાવી જાહેર માહિતી અધિકારીના મેળાપીપણાથી આ ગોરખ ગેરકાયદેથી પાઈપ લાઈનને અંદરખાનેથી હપ્તો લઈ સપોત કરવામાં આવે છે જેથી તમામ બોરીંગો અને પાઈપ લાઈનોની માહિતી અપાવવી અને અધૂરી માહિતી અને માહિતી છુપાવનાર જાહેર માહિતી અધિકારીને શિક્ષાત્મક પગલા ભરી તેની વિરુધ્ધ કાર્યવાહી કરી અપીલના નિર્ણયમાં રાજય માહિતી આયોગને દંડ કરવા જણાવવું તેવું જણાવી પત્ર પાઠવેલ છે. જયારે ઉધનાઝોન ધ્વારા આપેલ માહિતીમાં અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીમાં જણાવેલ યાદી પૈકી માત્ર ત્રણની માહિતી આપ્યાનું જણાય છે. યાદી પૈકી બાકી અંગે શું કાર્યવાહી કરી તથા જવાબદાર અધિકારીઓની માહિતી આપેલ નથી

કોઈ કાર્યવાહી થઈ ન હોય અગર તેવી વિગતો દફતરે ઉપલબ્ધ ન હોય તો તે અંગે કોઈ પ્રકાશ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી પૂરી પડાયેલ નથી.વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ યાદી મુજબની વિગતો અરજદારને પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ બાકીના બોરીંગ અંગેની તથા જવાબદાર અધિકારીઓની માહિતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન,...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,